નિશાળીઓ.

છોકરાઓ નિશાળમાં ઘણીક ચોપડીઓ વાંચતાં તથા વ્યાકરણ, ભૂગોળ, ગણીત વગેરે શિખે છે: પણ આ બાબદ કાંઈક જુદીજ છે. તે ખુદ નિશાળીઆઓને લગતી છે. તે તેમને પાઠ કેમ ગોખવા, ભલા અને સુખી કેમ બનવું તે દેખાડે છે. આ વિષય તેમને ક્રીકેટના જેટલો ગમવાનો નથી; પણ જો સંભાળથી તેઓ આ વાંચશે તો તેઓ વધારે ડાહ્યા અને ભલા નીવડશે.

આપણા તમામ છોકરાઓ નિશાળે ભણવા જાય છે, આ વાત જાણી આપણા જીગર કેવાં ખુશાલીથી ભરાય છે: પણ તેમાં કાંઈ નવાઇ જેવું નથી, કારણ કે કેટલાક દેશોમાં એવો રેવાજ છે કે દરેક છોકરાએ કેટલાંક વરશ સુધી

નિશાળે જવુંજ જોઇએ

ત્યાં જો માબાપો પોતાનાં છોકરાંઓને ભણવા શિખવે નહિ તો તેમને કાયદાથી શિક્ષા થાય છે. જેથી તે દેશોમાં દરેક ઓરત મરદને વાંચતાં લખતાં આવડે છે.

કેટલાક લોકો આગળ જંગળી હાલતમાં હતા, તેઓમાં પણ હાલમાં નિશાળો ઉઘડી છે. ન્યુઝીલાન્ડ

બેટમાં આગળ લોકો એટલા ક્રૂર હતા કે તેઓ એક એકને મારીને ખાઇ જતા હતા. તેઓના મૂલકમાં પણ આજે નિશાળો ઊઘડેલી છે.

આપણે નિશાળે શામાટે જવું જોઇએ ?

નિશાળે જવાને બદલે આપણે આખો દહાડો કાં નહિ રમીએ અને મજાહ ભોગવ્યે? આપણાં માબાપ આપણને તેમ કાં કરવા દેતાં નથી? તેઓ આપણી નિશાળનો પગાર શામાટે આપતાં હશે?

ડાહયા અને સમજુ લોકો હંમેશ આગળો પાછળો વિચાર કરતા રહે છે. હાલમાં આપણે માથે માબાપ છે કે જેઓ આપણી તમામ જરૂરીયાતો પુરી પાડે છે, પણ યાદ રાખવું કે વખત એવો આવશે કે જ્યારે તેઓ મરણ પામશે અને આપણને આપણાં ગુજરાણ માટે મેહેનત કરવી પડશે. આપણાં માબાપો એવું ઇચ્છે છે કે જ્યારે તેઓ મરણ પામે ત્યારે આપણે

આબરૂદાર અને સુખી નીવડીએ

માટે તેઓ આપણને નિશાળે વિદ્યા લેવા મોકલે છે.

ઘણાક લોકો આખો દહાડો સડકે મેહેનત કરી મુશ્કેળાઇથી દર માસે આઠ દશ રૂપ્યા પેદા કરે છે જ્યારે બીજા કેટલાકો અગીઆર વાગે આફીસમાં જઇ ખુરશી ઉપર બેશી કાંઇક લખી મુકી સાંજે સકારે પાછા ફરે છે ... મજુરોના કરતાં દશ ઘણું બલકે તેથી પણ

વધારે પેદા કરે છે. તેનું કારણ શું હશે? કારણ એજ કે પેહેલા અજ્ઞાન હેલકરી છે, જ્યારે પાછલાઓ શિખેલા ભણેલા હોય છે. તમે દરરોજ નિશાળે જાવો અને મેહેનત લઈ અભ્યાસ કરો તો પછવાડેથી તમે કોઇ ધંધાને લાયક થાવો અને તમારો રોટલો તમેજ રળી ખાવો.

નિશાળે જવાનું બીજું કારણ આ છે કે તે તમને પાપ અને દુખથી બચાવવાનું સાંધન છે. આળસુ છોકરાઓને કામનો મહાવરો પડતો નથી, તેથી તેઓ આળસુ અને નકામા માણુસો નીવડે છે. તેઓ કંગાળ હાલતે પુગે છે. પાદશાહ જમશેદ કહી જાય છે કે,

આળસ માણુસને ચિડરેહાલ કરે છે

આળસુ માણુસોને ખાવાનું મળતું નથી અને તેથી તેમને ભીખ માંગવાની ફરજ પડે છે.

જેઓ પોતાને કાંઈ પણ નેક કામમાં રોકાયલા રાખતા નથી, તેઓ વારંવાર ખોટું કરવાને લલચાય છે. જે છોકરાઓ પોતાનો સઘળો વખત રમતમાં ગુજારે છે તેઓ જુગારીને મળે છે, અને કેટલીક વાર ચોરો સાથ તેમનું ઓળખાણ પડે છે. પોતાના પાપી સોબતીઓનો દાખલો પકડવાને લલચાયાથી તેઓ બુરે ફેજે પુગે છે.

મેહેનતુ નિશાળીઆઓ ઘણુંકરીને આગળ ચાલતાં ધંધામાં આબાદ થાય છે, તોપણ સઘળાઓને મોટા પગારની સારી જગા મળતી નથી. ઘણાઓને પોતાના ગુજરાણ માટે કઠણ મેહેનત કરવી પડે છે.

ખજાણા કરતાં ડહાપણ મેળવવું વધારે સારૂં છે.

મેળવેલું ડહાપણ ચોરોથી ચોરાશે નહિ, તથા આગથી બળશે પણ નહિઃ જ્યાં આપણે જઇશું ત્યાં આપણી સાથ આવવાનુ

નિશાળે જવાથી ડહાપણ

કેમ મેળવાય છે? કેટલાક લોકો એટલા જંગલી રહેલા છે કે તેમના બાપદાદાઓ હજારો વરશપર જે અવસ્થામાં હુતા તેમાંજ તેઓ આજે પણ રહેલા છે. જ્ઞાનની બાબદમાં તેઓએ કાંઈ ફાયદો કરયો નથી. આનુ કારણ એ છે કે તેઓ પાસ પુસ્તકો હોતાં નથી. નિશાળે આપણે વાંચતાં શિખ્યે છિયે.

અભ્યાસ કરવાનો અને ડહાપણ મેળવવાનો આપણો વખત આ છે. ઘટતી મોહોસમમાં જો ખેડુત વાવણી કરે નહિતો પાક મેળવવાની તેનાથી વકી રખાય નહિ. લોકો પોતાની

નાંની વયમાં વિદ્યા મેળવવાની કોશેસ

કરે નહિ, તો તેઓ પોતાનો આખો આયુષ્ય અજ્ઞાનપણામાં ગુજારે છે.

નિશાળીઆઓએ શું કરવું જોઇએ?

જો તમને તમારા પાઠ ભણવા હોય તો

સવારમાં વેહેલા ઉઠજો

પોહો ફાટયા પછી પથારીમાં પડી રહેતા ના મોડી રાત સુધી વાંચવા બેસવા કરતાં

સવારમાં અભ્યાસ કરવો બેહેતર છે.

સવારમાં ઉઠો ત્યારે એકદમ બિછાણું છોડજો. આ-ળસુઓ માફક એમ ન બોલશો કે 'જરા વધારે સુઇ લઉં.'

એક વખત જાગ્યા એટલે ઉંઘવાની લાગણી જતી રહે છે. બરાબર વખતે જાગવાને તમારાથી બનતું ન હોય તો તમારાં માબાપને અરજ કરજો કે તેઓ તમને જ-ગાડશે. જાગ્યા પછી

પેહેલો વિચાર ખોદા વિશે કરજો.

તે સાહેબે આખી રાત તમારી સંભાળ લીધી. જ્યારે આ-સપાસ સઘળાં ઉંઘી ગયાં ત્યારે

પરવરદેગારે તમારી સંભાળ લીધી.

તે સાહેબના કરવાથી આફતાબ તમને રોશની આપે છે નહિ તો કે સઘળું અંધાધુર, શરદ, અને નીસ્તી પામત. એટલામાટે દર સવારે ઉઠીને મનસે બોલજો કે, "રે જીવ,

પરવરદેગારનો ઉપકાર માન

અને તેના બક્ષેલા ફાયદા ભૂળ ના."

સવારમાં સકારે ઉઠી નાહી ધોઇ પરમેશ્વરની બંદગી કરવી અને પછી વિદ્યા ઉપર ચિત્ત લગાડવું જેથી વિદ્યા વેહેલી આવડશે. વિદ્યા મેળવવાની કોશેસ કરવી, કારણ

વિદ્યા વિનાનું ડહાપણ નથી,
ડહાપણ વિનાની આબરૂ નથી,

માટે જે લોકમાં વિદ્યા નહિ તેમનું જીવતર ફોકટ.

ઝંદ અવસ્તાના પાક કલામ પઢયા પછી જમીન ઉપર સર નમાવી આ રવેશે બોલવું,

'રે દયાળુ આકાશી પીતા, ગઇ રાતે તુંએ મારી સંભાળ લીધી, તે માટે હું તુંજનો ઉપકાર માનુ છું, અને અરજ કરૂં છું કે આજના દિવસે તું મને તારી પનાહમાં રાખજે. સઘળાં સંકટથી મને બચાવજે અને મને જે જોઇએ તેની મેહેર કરી બક્ષેસ કરજે.

રે ખોદા! મારા અભ્યાસમાં મને સહાય થજે

મારા વખતનો સારો ઉપયોગ કરવામાં મને મદદ કરજે. હું મારા

શીક્ષકને તાબે થાવું

અને મારા દોસ્ત આસ્નાવ તરફ મમતાળુ બનું, એવી મને નેક બુદ્ધી આપજે. સઘળાં

બુરાં કામ

બુરા વિચાર

બુરૂં બોલવાથી

મને દુર રાખજે.

નેકીનો રસ્તો આપજે.

મારાં માબાપ તથા સગાંવ્હાલાંને સુખી રાખજે.

ભોજન જમ્યા પેહેલાં

હજરત પેગમ્બર જરથોસ્ત

સાહેબના હુકમ મુજબ જમવાની બાજ ભણજે અને ખોદાએ તને નેક ભોજન આપ્યુ, તે માટે તે સાહેબનો ઉપકાર માનજે. અગર જમતી વેળા પરમેશ્વરનો ઉપકાર તું નહિ માને તો તારી હાલત જે શખ્સ એક દુકાન ઉપર જઇ દુકાનવાલાને પૈસા આપ્યા વગર તેનો માલ લઇ આવે તેના જેવી થશે.

છોકરાંઓ પોતાના ખોરાક માટે કોઇ કોઇ વેળા બડબડે છે. તેમનાં માબાપો તેમને પોતાથી બનતો ઉત્તમ ખોરાક આપે છે, જે તેઓએ ઉપકાર સાથ ખાવો જોઇએ; કારણ કે તેઓએ જાણવું જોઇએ કે કેટલાક લોકોને તેમના જેવો સારો ખોરાક મળવો મુશકેળ પડે છે.

ઘરમાં અભ્યાસ—એક છોકરો જો ઘરમાં અભ્યાસ કરે તોજ તેના વર્ગમાં તેની પઢી ઉપર રહી શકે. ફક્ત માબાપના ધાકને લીધે ચોપડી હાથમાં ધર્યામાં કંઈ વળ્યું નહિ, એ રવેશે તો કાંઇ પણ ભણ્યા વગર કલાંકોના કલાક ગુમાવી શકાય. રમતની વેળાએ રમજો પણ કામની વેળાએ કામ કરવું, જ્યારે પાઠ વાંચતા હોવ ત્યારે બરાબર ધ્યાનથી અભ્યાસ કરજો; કારણ,

ચિત્ત વગરનું વાંચેલું ફોકટ છે.

રમતી વેળાએ તમારે ગમે એટલી મજાહ કરજો. એક દાનાવ શખસે એક છોકરાને શું નેક સખુન કહેલા

છે તે સાંભળો:—

'બનતાં સુધી હમેશ ઉત્તમ કામ કરજે.'

છોકરે તે શિખામણ પ્રમાણે કર્યું એટલે તે શ્રીમંત, વહાલો, અને આબરૂવાળો નીવડયો; વાસ્તે જેમ બને તેમ સારૂં કરતા રહેજો.

પોપટની માફક પાઠ મોહોડે ભરડી જવાની કોશેસ કરતા ના; પણ પ્રત્યેક શબ્દનો અર્થ સમજીને ગોખતા રહેજો. અર્થ સમજવાની કોશેસ કરજો, એટલે શબ્દો તમને સેહેલાઇથી યાદ રહેશે પેહેલાં નહિ આવડે તો

ફરી ફરીને કોશેસ કરજો.

આળસુ છોકરો કહેશે, 'હું કોશેસ કરીશ પણ મને કાંઇ આવડશે નહિ' પણ એક સમજુ છોકરો કહેશે કે, 'હું તજવીજ નહિ કરીશ તો બચિત્ત મને આવડશે નહિ;' માટે

આવડે ત્યાં સુધી કોશેસ કરવી.

જ્યારે તમે કોઇ અઘરો દાખલો કરવાની ખંટ પકડો છો ત્યારે તમને તમારા પાઠમાં ફતેહ મળે છે, તેનું શું કારણ? લુહાર ભારી હથોડાવડે સારો દહાડો મેહેનત કરે છે અને જો કોઇ બીજો શખ્સ તેમ કરવા જાયતો તેનાથી બનતું નથી કારણ કે તે જલદી થાકી જાય છે. મહાવરાથી લુહારનો હાથ મજબુત થાય છે; તેમજ આપણા મનની હાલત બને છે. તે પણ મહાવરાથી મજબુત બને છે. આજે તમે કઠણ દાખલો કરો તો આવતી કાલે

તે કરતાં અધિક કઠણ કરી શકશો. કેટલાક આળસુ છોકરાઓ લુચ્ચાઈ કરી પોતાના સોબતીઓ પાસેથી દાખલાઓના જવાબ મેળવે છે. કહેતી છે કે જે જમે તેને ફાયદો, તેમ જે

દાખલો કરે તેને લાભ થાય

અને જે આળસુ છોકરો બીજામાંથી ફક્ત ઉતારી લે છે તે આખો જન્મારો બીજા ઉપર આધાર રાખનાર બને છે.

નિશાળોમાં જે કાંઇ શિખવાનું હોય છે તે વિગતવાર આગમચથી ગોઠવેલું હોય છે, માટે છોકરાઓને ચોકસ ઘડી ચોકસ વખતે ગોખવાનો લાભ મળે છે.

પાઠ બરાબર ગોખજો.

કોઈ કોઈ વેળા છોકરાઓ એવું સમજે છે કે તેઓએ પોતાનો પાઠ બરાબર ભણ્યો છે; પણ નિશાળે ભણતી વેળા તેમનાથી તે બરાબર બોલાતો નથી; એવી જાતનું ગોખેલું કશા કામમાં આવતું નથી. તમારા પાઠ બરાબર ગોખજો.

નિશાળ.

નિયમસર હાજરી વગર તમારાથી નિશાળમાં બરાબર ભણી શકાશે નહિ.

વિદ્યા નદીમાં હંકરાતી હોડીની માફક હોય છે,

જો હોડી માહેલાં માણસો હલેસાં મારવાનું બંધ કરે તો

પ્રવાહ ઉપર તેઓ ઘસડાઇ જાય છે. તેમજ જો છોકરાઓ થોડો વખત નિશાળે જાય અને પછી ઘરે રહે તો તેઓ શિખેલું ભુલી જાય. માંદો છું, જમવા જવું છે, લગ્નમાં જવું છે, પરોણા આવ્યા છે, વગેરે તરેહવાર બહાણાં ઘરે રહેવા ખાતર લોકો બતલાવે છે. આવી હરકતોથી વિદ્યા પાછળનો શોખ જતો રહે છે, અને જે છોકરો એવી મોજમજાહ મહાલવામાં વખત વ્યર્થ ગાળે છે તે જયારે મોટો થાય છે ત્યારે પોતાનાં કામની ગફલતી કરે છે, અને તેના પરિણામ ચાખે છે. કામચોર રખડતા આળસુ છોકરા બનવું એ મોટું પાપ છે વાસ્તે કોઈબી છોકરાએ તેમ કરવું નહિ.

વખતસર હાજરી એટલે બરાબર વખતે નિશાળે આવવું. ચોકસ વખતે ઘરથી નીકળજો અને

રસ્તામાં રઝલતા ના, મોડું કરતા ના.

વખત બરાબર તપાસવો એ સારી ચીજ છે, જેનો ફાયદો આપણને પાછળથી જણાશે.

શિક્ષક તરફ આપણી ફરજ—છોકરાઓએ પોતાના

શિક્ષાગુરૂને બાપ માફક ગણવો જોઇએ.

તેઓ પોતાના નિશાળીઆઓનો અભ્યાસ વધારવા ઇચ્છે છે, અને જે કાંઇ કરવા ફરમાવે છે, તે ફકત તેમનાં ભલાં ખાતર હોય છે. માબાપ તમને નિશાળે ભણવા મોકલે છે; અને જો પાઠ ચાલતી વેળા તમે જો વાત કરો

અથવા રમો તો ભણવાનું કેમ આવડે?

તમારે ઉદ્યોગી બનવું;

કારણ તમે કાંઇ શિક્ષક માટે નહી, પણ તમારા પોતાના લાભ માટે ભણો છો. કેટલાક છોકરા શિક્ષકને બહાર જવું પડે છે તો ચેડાંઘેલાં તથા મસ્તી તોફાન કરે છે. એવા છોકરા મૂર્ખ કહેવાય છે. કેટલીક વેળા છોકરાઓની ખાંમી ખાતર શિક્ષકને ઠપકો આપવામાં આવે છે. ગાય ઢોરને તમે પાણી આપો; પણ જે પીએ તેને ફાયદો થાય છે, તેમજ વિદ્યા વિશે પણ કહેવાય. ખરાબ છોકરાઓ ભણતા નથી, જયારે તેઓ ઘર જઇ પોતાનાં માબાપ આગળ શિક્ષકની રાવ કરે છે કે તે તેમના ઉપર ખાર રાખે છે અને બીજાઓ ઉપર મેહેરબાની કરે છે. એવું કરવાનું છોડી દઇ છોકરાઓએ

સારી ચાલના અને મેહેનતું બનવું.

એટલે તરત તેઓને જણાશે કે શિક્ષક અપક્ષપાટ છે. નિશાળીઆઓએ

ઉસ્તાદને માન આપવું

તથા તેમના કહયા પ્રમાણે કરવું. એમાં તેમનું પોતાનું સારૂં છે એટલુંજ નહિ, પણ એ તેમની ફરજ છે. ખોદાનો એ હુકમ છે. જયારે નિશાળીઆઓ ઉસ્તાદની નાફરમાની કરે છે, ત્યારે તેઓ ખોદાનો હુકમ તોડે છે.

નિશાળના સોબતીઓને દરેક વાટે તમારે સારો

દાખલો દેખાડવો. તમારા સઘળાં કામમાં પ્રમાણીક રહેજો. કોઇનામાંથી

દાબ મારતા ના,

અથવા ગેરવાજબી રીતે કોઈની જગો લેશો ના. ફલાણા છોકરાએ મારૂં ખોટું કર્યું, એવી ઘર જઇને

કોઈની ચુગલી કરશો ના.

તમારામાં શી ખામી છે, તે પેહેલાં જોજો, અને તે સુધારવાની તજવીજ કરજો. અગર તમારો વાંક ન હોય તોપણ

ભુંડાઈનો બદલો ભલાઇથી વાળજો

સારો નિશાળીઓ કેમ જણાય—નિશાળના નીયમ તથા ઉસ્તાદના ફરમાન પ્રમાણે ચાલે, તે નિશાળ્યો સારો કહેવાય. તે તેમને એકની એક બાબદ ફરી ફરીથી બોલવાની તસદી આપતો નથી. તે નિશાળે બરાબર વખતે હાજર રહે છે, મોડો જવાનો દર કરે છે, અને ઘંટ વાગે એટલે વર્ગમાં જઇ

તરત અભ્યાસ ઉપર ધ્યાન આપે છે.

સારો નિશાળીઓ અભ્યાસ ઉપર ધ્યાન આપ્યાથી જણાય છે. ઉસ્તાદ કહે છે તે શિવાય બીજી ચોપડી તથા બીજા પાઠ તે વાંચતો નથી. રમવાને વાસ્તે તે ખીસામાંથી ભમરડો બહાર કાઢતો નથી. બોર. મીઠાઇ. કે બીજું કાંઇ તે ખાતો નથી. પારકો શખ્સ નિશાળે આવે તો તેના ચેહેરા તરફ તે જોયા કરતો નથી; કારણ તે

બેઅદબીનું કામ કહેવાય. જો તે તેને કાંઇ સવાલ કરે તો તે સભ્યતા અને આબરૂ સાથ તેને જવાબ દે છે. જ્યારે વર્ગમાં કોઇ વાંચતું, જોડણી કરતું, યા વ્યાકરણ કરતુ હોય તો તે લક્ષ દઇ સાંભળે છે. તે દરરોજ પોતાના અભ્યાસમાં વધારો કરે છે. કાંઇ કઠણ પાઠ કે દાખલો કરવાનો હોય છે, ત્યારે તે મનમાં બોલે છે કે, 'જ્યારે મારાં માબાપ જાણશે કે આ કઠણ ધડો હું શીખ્યો છું, ત્યારે તેઓ કેવાં ખુશી થશે! મારા ઉસ્તાદ મારા ઉપર ખુશી થશે, અને જ્યારે તે પુરો થશે ત્યારે મને કેવો હર્ષ ઉપજશે. વાસ્તે. જલદીથી એની પછવાડે લાગીશ તો જલદીથી તે પુરો કરીશ. મારાથી થાય નહિ એવો દાખલો મારા ઉસ્તાદ મને આપે નહિ."

વાંચતી વેળા તે ઉચ્ચાર સ્પષ્ટ કરે છે, કે તે તમને બરાબર અને જલદીથી સંભળાય. તેનો ખરડો યાને કાપી બુક સારા દસ્કતથી લખેલાં હોય છે, તથા તેમાં તે ડાઘા કે છેકા પાડતો નથી. તેના અક્ષર સાફ અને બરાબર, અને તેના કાપા પોહોળા અને રોનકદાર હોય છે. તે આંકડા સારા કાઢે છે, બરાબર ગણે છે, તથા તે હિસાબમાં ચુક કરતો નથી.

સારો નિશાળીઓ બીજાઓમાં સુધારો થયલો જોઈ ખુશી થાય છે. તેમનાં વખાણ થયલાં સાંભળવાને તથા તેમને ઇનામ મળેલું જોવાને તે ચાહે છે. તે એવું સમજે છે કે જો હું સુધરૂં તો મારાં પણ વખાણ થશે તથા મને

પણ ઇનામ મળશે; અને કે જો અમે સઘળાં સુધરશું તો અમારી નિશાળ કેવી સારી ગણાશે; અને બીચારા અમારા શિક્ષકને કેટલાક ઠોઠ છોકરાઓને લીધે જે ભારી મેહેનત લેવી પડે છે, તેમાં કેટલો ઘટાડો થશે. સારા નિશાળીઆની

ચોપડીને હંમેશ કવર હોય છે તથા તેમને સંભાળથી રાખેલી હોય છે.

પોતાનો પાઠ ભણી રહયો એટલે સાચવીને તે ચોપડીઓ તેમની જગામાં લાવી મુકે છે, અને તેમને જયાં ત્યાં રખડતી નાંખતો નથી. તે તેમના ઉપર ડાઘ કે ચિત્રામણ પાડતો નથી.

તે સાચું બોલે છે, સુધરવાની કાળજી રાખે છે,

અને તે પોતાની આસપાસનાઓ તરફ **મમતાળુ** રહે છે.

એ સઘળાં ઉપરાંત ખરેખરા સારા નિશાળીઆઓ પોતે જે કાંઇ નિશાળમાં ભણ્યા હોય તે ઉપર પરમેશ્વરના આશીષ મેળવવાને દુવા માંગે છે. આવા નિશાળીઆ ઘણાજ થોડા હોય છે; નહિ તો કે જયારે તેઓ નિશાળે હોય છે, ત્યારે જેટલો અભ્યાસ તેઓ કરે છે, તેમાં મોટો વધારો થયા વગર રહે નહિ.

ખરાબ નિશાળીઓ કેમ જણાય.

નિશાળમાં પોતાની મોડી હાજરી આપ્યાથી ખરાબ નિશાળીઓ જણાઈ આવે છે. તે સર્વથી છેલ્લો નિશાળમાં દાખલ થાય છે, અને નિશાળ ચાલતી વેળા વારંવાર બહાર જાય છે. સઘળા બેઠા પછી તે બેસે છે. વાંચવા અથવા પાઠ મોહોડે બોલવા ઉઠતાં તે ભારી આનાકાની કરે છે. અભ્યાસ પાઠ અરધો લખી લઇ જાય છે અને પાઠ પણ અધુરો ગોખે છે. વાંચવામાં તે ઘણી ચુક કરે છે તથા જોડણી પણ અશુદ્ધ કરે છે. તે બડબડીને વાંચે છે, જેથી તે શું વાંચે છે, તેની તમને સમજ પડે નહિ. વાંચ્યા પછી તેને પોતાની ગફ્લતીને લીધે સર નીચું કરવું પડે છે. એ સર્વ તેનાં બેધ્યાંન અને બેદરકારીના પરિણામ છે.

ખરાબ નિશાળીઓ પોતાના મેળા હાથ ઉપરથી તરત જણાઈ આવે છે. કારણ તે છેલ્લી ઘડી સુધી રમ્યા કરે છે, અને જ્યારે તેને નિશાળનો ઘંટ વાગ્યાની કોઇ ખબર આપે છે ત્યારેજ તે જાણે છે અને ઉતાવળ કરી નિશાળે નાસે છે. એમ જણાય નહિ તો તે રમતનો ખ્યાલ છોડે નહિ. વળી તે પોતાની ચોપડીઓ ઉપર પણ ધ્યાન રાખતો નથી. તે પોતાની સામણે ઉંઘાડી પકડી રાખે છે, પણ તેની નજર તે ઉપર હોતી નથી તે પોતાની જગ્યામાં કેવો બેદરકાર બેસી રહે છે, અને જાણે કે તેને કાંઇ કરવાનું હોય નહિ, તેમ નચીંત પડી રહેછે. જો તેની ચોપડીઓ તરફ તમે નજર કરો તો તમને

જણાશે કે તે કોઈ મોટો ઉલ્લુ છે. તેની ચોપડીઓ કેવી બગડેલી તથા ફાટેલી હોય છે! તેમાં ચિત્રામણ તથા ઘસાશની કાંઈ મનાજ નહિ. તેના ખરડા ઉપર નજર કરશો તો તમને જણાશે કે તે કેવો ઉતાવળથી ચિતરી કાઢેલો. તે લખવા પાછળ તે જરાએ સંભાળ યા મહેનત લેતો નથી. તેની પાટી ઉપર નજર કરશો તો તમને જણાશે કે તેના આંકડા કેવા ખરાબ અને દાખલા કેવા ભુલથી ભરેલા!

તેની ચોપડીઓ કોઇ વેળા એક જગામાં તો કોઈ વેળા બીજીમાં, જેથી તેમને સોધી કાઢતાં તેને જાઝો વિલંબ લાગે છે. તે પોતાના વર્ગમાં પોતાના પડોસી છોકરા સાથ વાત ચલાવે છે. ચોપડીઓ પાછળ તેનો તિરસ્કાર હદ વગરનો તથા પાઠ ભણવો તેના મનસે એક મોટી આપદા જેવો છે. નિશાળ છુટે છે ત્યારે તેને આનંદ ઉપજે છે, કારણ તેનું તમામ ધ્યાન છુટ્ટીની વેળા અને રમત પાછળ ભમતું રહે છે. તે પોતાના શિક્ષકને ઘણી મહેનત આપનારો, બીજા નિશાળીઆઓને તેમજ આખી નિશાળને હરકત કરનારો, અને માબાપને સંતાપ કરાવનારો હોય છે.

રમત.

આખી દુન્યાનાં છોકરાં રમતનાં શોખીન હોય છે. કેટલાક મુલકમાં થંડી એટલી પડે છે કે જમીન ઉપર બરફ પડે છે. ત્યાં કેટલાક દડા ફેંકવાની રમત કરે છે

અને બીજા વગર પૈડાંની ગાડીઓ બરફ ઉપર ચલાવે છે. આપણાં શેહેરમાં પારસી છોકરાઓ તથા કેટલાક બીજી જાતવાલાઓ ક્રીકેટ (દડાદાવ) રમેછે જ્યારે બીજી જાતવાલા છોકરાઓનો મોટો ભાગ ગીલ્લીદાંડા તથા લખોટાદાવ રમેછે.

છોકરાઓએ રમવું શા માટે જોઇએ તેનાં કારણ ઘણાં મોતેબર છે. છોકરા છોકરીઓ મજબુત અને તનદુરૂસ્ત નર નારીઓ બને એટલા માટે ચોખ્ખી હવા અને કસરતની અગત્ય છે. જે પ્રમાણે ધોવાધાવામાં વપરાયલું પાણી બગડે છે તેજ પ્રમાણે હવા આપણે એક વખત દમમાં લીધી એટલે તે અસ્વચ્છ બને છે. ખુલ્લી જગામાં સર્વથી ચોખ્ખી હવા મળે છે. તેનો લાભ જ્યારે છોકરાઓ મેદાન ઉપર રમવા નીકળે છે ત્યારે તેમને મળે છે. શરીરના જુદા જુદા ભાગો વપરાસથી મજબુત બને છે. દડાદાવા તથા ગીલ્લીદાંડા રમતાં કે બાઇસીકલ દોડાવતાં આપણા અવયવો મજબુટ થતા જાય છે. રમતી વેળા છોકરાંઓ હસવાને તથા બુમબરાડા મારવાને શોખીન હોય છે, તેથી તેમની આરોગ્યતા સુધરે છે.

જે છોકરો રમવામાં દરરોજ એક કે બે કલાક ગુજારે છે તે જો પોતાનાં અભ્યાસમાં પણ મેહેનતુ રહે તો તે, જે છોકરો બીલકુલ રમતો ન હોય તેના કરતા વધારે સરસ પાઠ શીખી શકશે. વળી જ્યારે કેટલાક છોકરા જોઇએ તે કરતાં ઘણીજ થોડી કસરત કરે છે, ત્યારે બીજા ઘણાકો જોઇએ તે કરતાં વધારે વખત રમતમાં ગુજારે છે. જેમ ખોરાકમાં સાસ તેમ અભ્યાસમાં રમત છે. તે સેહેજ

લીધામાં ફાયદો છે; પણ જો કોઈ સાસ ઉપરજ રહેવા માંગે તો તેની હાલત ઘણી માઠી થાય છે. જે શખ્સ હાલ માતબર ગણાય છે, તે જ્યારે છોકરો હતો ત્યારે તે ઘણી ગરીબી હાલતે હતો. તે કેમ વધ્યો તેનું એક કારણ આ છે કે તે હંમેશ

'પેહેલું કામ પછી રમત,'

એ નિયમને વળગી રહેતો હતો. તમે કઠણ અભ્યાસ કીધો એટલે રમતમાં સારો વખત ગુજાર ાની જરૂર છે; પણ પાઠ

કરયા પેહેલાં રમવું નહિ.

તમે કોણ સાથ રમો છો, તેની સંભાળ રાખજો.

જેવી સંગત તેવી અસર

આપણામાં ઉત્પન્ન થાય છે. પાદશાહ જમશેદે શું નશિ-હતી કલાંમ કહયાં છે કે

ડાહયાં માણસ સાથ ફરનાર
ડાહયો નિવડવાનો,
બેવકુફોનો સાથી જરૂર ખતા ખાવાનો.
જુઠા, લુચ્ચા, જુગારી, દગલબાજ, અને
દુરાચરણી લોકો સાથ રમતા ના,

એવા લોકો સાથ ભેળાયાથી ઘણાકો બુરે ફેજે પુગા છે હડખાં કુતરાંથી તમે જેમ નાસી જાઓ છો તેમ એવા

બુરાઓથી દુર રહેજો.

સંગત એવા લોકોની કરજો કે જેઓ

નેક કામને ઉતેજણ આપે છે.

ખુલ્લી હવામાં અંગને કસરત આપે એવી રમત રમજો. વરસાદના દહાડામાં તમારાં ઘરમાંજ

ફરીફરીને અંગને કશરત આપજો.

સઘળી જાતનો જુગાર ખરાબ છે.

પાનાંની રમત જુગાર રંમવાને લલચાવનારી હોય છે. માટે જેમ બને તેમ તે ન રમવી. કોઇપણ શખ્સને નુકસાન થાય એવી રમત રમવી નહિ. છોકરાઓને એવો વીચાર આવતો નથી. વડા માણુસોએ તેમને ઉપદેશ કરવો જોઈએ કે તેઓએ પ્રાણીઓ તરફ ઘાટકી બનવું નહિ. રમતમાં પણ સારૂ કરવાની ટેવ રાખવી. હંમેશ વાજબી વર્તણુક વાપરવી; કોઇબી રમત ગેરવાજબીરીતે જીતવાની કોશેસ કરવી નહિ. રમતમાં હારો તો ચિરડાતા ના.

સાધારણ વર્તણુકમાં સંભાળ રાખજો.

એક ઝાડ કુમલી વયમાં જેવા આકારનું હોય છે, તેવાજ આકારે મોટુ વધે છે. જો તે સીધું ઉગવા માંડે તો મોટું વધ્યા પછી પણ સીધુજ રહે છે; પણ એક વેળા

આડુ વધ્યું કે તેને સીધું ઉગાડવાની કોશેસ કરવી ફોકટ છે. ઇનસાનની ચાલચલણ પણ એવીજ હોય છે.

ખરાબ છોકરા ખરાબ માતીદા બને છે;

બચપણમાં જેઓ સારી ચાલના હોય છે, તેઓ મોટપણમાં તેવાજ રહે છે. તેટલા માટે જે ટેવ તમે પાડો તેની મોટી સંભાળ રાખજો.

સારા નીવડવાના કરતાં બુરા જલદી થવાય છે.

ખેડુતને પોતાનાં ખેતરમાં જંગલી ઘાંસ વાવવાની કાંઇ જરૂર પડતી નથી, તેતો આપોઆપ ઉગે છે; પણ અનાજનો સારો પાક મેળવવાને તે ભારી મેહેનત કરે છે, તથા બીયાં વાવે છે જો આપણી ચાલચલણ વીશે સંભાળ ન રાખ્યે, તો આપણે ખચ્ચીત ખોટું કરીશું; માટે જે કાંઇ ખરૂં અને વાજબી હોય તે કરવાને ઘણી તકેદારી તથા સંભાળની અગત્ય છે.

કેટલાક છોકરાઓ એવું સમજે છે કે તેમની મરજી પડે ત્યારે ખરાબ ટેવ તેઓ છોડી શકે; પણ એ બાબે જો તેઓ અજમાયસ કરશે તો તેમને જણાશે કે તેમ તેમનાથી કદી પણ બને એવું નથી. વારંવાર બહાનું કાઢવામાં આવે છે કે "બસ આ વખતજ, હવે ફરીથી નહિ કરીશ," પણ આપણે સારીપેઠે સમજીએ છીએ કે માઠાં કામ વારંવાર બને છે.

ચાલચલણ વિશેના નિયમ.

આપણી વર્ત્તણુક લોકો જે કાંઇ કહે યા કરે તે સુમાર ઉપર ચલાવવી જોઇએ એમ નથી. પણ આપણી જે કાંઇ ખરેખરી ફરજ તેના ઉપર, તેમજ જે કાંઈ વાજબી હોય તેની લાગણી ઉપર, તેને રાખવી જોઇએ,

એજ ખોદાનું ફરમાન છે,

અને ઇનસાનના કરતાં ખોદાના હુકમ પ્રમાણે ચાલવું જોઇએ.

ખોદાને જે કાંઈ પસંદ પડયું

એટલે તેનો પુરેપુરો બદલો આપણને મળેલો સમજવો; માટે, કોઈ શખ્સને રાજી રાખવા આપણે કાંઈપણ ખોટું કરવું નહિ.

જયારે આપણે કાંઇ ખોટું કે ખરૂં કરતા હોઇએ ત્યારે તે આપણને જણાવવાને આપણા શરીરમાં અવાજ છે કે જેને અંતઃકરણ કહેછે. સારૂં અંતઃકરણ એક મોટો આશીરવાદ છે. જે ચીજ કરવાને આપણું જીગર, હિંમત કરે નહિ તે કરવું ઘણું ખોટું છે, તો પણ આપણે જેને ખરૂં સમજતા હોઇએ તે હંમેશ ખરૂ હોય નહિ, માટે આપણાં જીગરને એક ભોમીઆની યાને ખરો રસતો દેખાડનારની જરૂર છે. એ માટે ખોદાએ આપણને ધર્મ પુસ્તકો આપેલાં છે. તે પુસ્તકો

બંદગી કરતી વેળા સંભાળથી વાંચજો,

એટલે તે તમારા પગને બતી, અને તમારી જીંદગીના માર્ગમાં ઉજાશ આપશે.

સચ્ચાઇ—પાદશાહ કેખશરોને કોઇએ પુછ્યું કે તેને પેહેલી કઇ બાબદ શિખવવામાં આવી હતી. તેણે જવાબ દીધો કે સાચું બોલવાને. એજ બાબદ દરેક છોકરૂં શિખે તો તેને મોટો ફાયદો થાય.

સાચું શા માટે બોલવું જોઇએ તેનાં ઘણાં સરસ કારણો છે ચીનાઇ કહેતી છે કે 'જુઠાંને પગ હોતા નથી.' જુઠાં માણસોથી બરાબર ઉભું રહી શકાતું નથી; તેઓ ઘણું કરીને પકડાઇ આવે છે. એક છોકરો શિક્ષાથી બચી જવાને એક જુઠું બોલે છે. ત્યારપછી તે પેહેલું જુઠું બોલેલું છુપાવવાને એક બીજું જુઠું કહે છે, અને વળી તે બીજુ છુપાવવાને ત્રીજી વેળા જુઠું બોલે છે. અને જ્યાં સુધી તે પકડાય ત્યાં સુધી એમ જુઠું બોલ્યા કરે છે. પણ સચ્ચાઈ હમેશ તકી શકે છે. એક ફીલસુફને કોઇએ સવાલ કીધો કે 'જુઠુ બોલ્યાથી માણસને શો ફાયદો થાય છે?' તે ફીલસુફે જવાબ દીધો કે 'તેને ફાયદો એજ થાય છે કે જ્યારે તે સાચું બોલે છે, ત્યારે પણ કોઈ તેનું માનતું નથી.' નીચળી વાત સારીપેઠે મશહુર છે:—

એક ભરવાડનો છોકરો જે ઘેટાં ચરાવતો હતો તે વારેઘડીએ લોકોને 'વાઘ આવ્યો રે વાઘ!' કરી છેતરતો હતો. લોકો હાથમાં હથિઆર લઇ તેની મદદે આવતા. જ્યારે તે તેમને હસીને કહેતો કે વાઘ કાંઇ

આવ્યો નથી. એમ કરતાં એક દહાડે ખરેખર વાઘ આવ્યો અને છોકરે ઘણીબી બુમ પાડી પણ કોઇ તેની મદદે આવ્યું નહિ, જ્યારે વાઘે તેના ઘણાંક ઘેટાં મારી ખાધાં.

જુઠાંને ખોદા વિક્કારે છે

જે કોઇ જુઠાંને પસંદ કરે છે તે તથા

જુઠું બોલનારા દોજખમાં જવાના.

તમે કદાચ માબાપને કે શિક્ષકને છેતરશો પણ ખોદાને છેતરવો મુશ્કેળ કામ છે.

ખોદા સચ્ચાઇને ચાહે છે,

વાસ્તે જે કોઇ તેની નજદીક જવા માંગતા હોય તેઓએ શત્યને વળગી રહેવું, અને પરિણામ ગમે એવો નીપજે પણ

સચ્ચાઇને સદા વળગી રહેજો

કેટલાકો બીજાઓને ઠગવાની તજવીજ કરે છે અને જો તેમના ઉપર જુઠાંનો આરોપ મુકયો એટલે તેઓ તેને ખોટું આરોપ મુકાયલું કહે છે, આ એક જુઠું બોલવાની હિચકારી રીત છે.

ખુશામત કરવી એ પણ જુઠું છે.

તે મૂર્ખોને ઠગવાનો લુચ્ચા અને પક્કાઓનો પેશો છે, જે દુર કરવો જોઇએ. ઠગવાના વાંક માટે આપણે સઘ-

જાઓ પાપી ઠરી ચુકા છિએ; માટે હરદમ બંદગી કરયા પછી તે માટે

ખોદા પાસે માફ માંગવી જોઇએ.

ઇનસાફ.

ઈનસાફ એટલે દરેક જણને તેનુ જે કાંઇ વાજબી હોય તે આપવું. બીજાઓ તમારી સાથ સારી રીતે ચાલે એવું જો ઇચ્છતા હોવ તો તમે પેહેલાં તેવું કરી દેખાડો. એ જો આપણે સમજીઆ તો પછી દરેક જન સાથ કેમ ચાલવાનું તે આપણે સમજયામાં લાવીશું.

કેટલાક છોકરાઓ પોતાથી બને તેમ લોકોને ઠગે છે, દાખલો કરતી વખત બીજાઓની પાટીમાં જોઇ જવાબ ટપકાવી લે છે, તથા જયારે સઘળી ચોપડીઓ બંધ રહે છે, ત્યારે તેઓ પોતાની ઉંઘાડી રાખે છે. રમતમાં પણ તેઓ ગેરવાજબીપણે વર્તે છે. એવી સઘળી વર્ત્તણુક નિચ અને પાપી હોય છે.

આપણું જે કાંઈ હોય તે કોઇ બીજો લઇ લે, એ આપણને ગમતું નથી; ત્યારે જે કાંઈ બીજાનું તે આપણે લઈ લેવું ન જોઇએ. કોઇની લેખણ લેવી યા કોઇનાં ઝાડ ઉપરથી કેરી તોડવી અને પછી કહેવું કે એમાં શી બિસાદ છે તેનો ધણી કાંઇ દરકાર કરશે નહિ, એ બહાનું કેવળ ખોટું છે. ખોદાની મરજી એવી છે કે

તારે ચોરી કરવી નહિ.

અને તે નાની કે મોટી ચીજને એકસરખી રીતે લાગુ પડે છે.

એમ સમજો કે નિશાળે જતાં તમારો પૈસો પડયો અને તે કોઇ તમારી પછવાડે આવતા છોકરાને જડયો. હવે તે પૈસાનું તે શું કરે? તે તેને જડયો એટલું કહી તે પૈસો રાખે, કે તમને પાછો આપે? ખોવાયલી ચીજો જડે કે તે તેના ધણીને હસ્તક કરવી જોઇએ.

મેહેતા, ગુમાસ્તા, કે બીજાઓએ પોતાના શેઠનો પૈસો કદી વાપરવો નહિ. કેટલીક વાર તેઓ પોતાના શેઠના પૈસા વડે પોતાને જોઇતી જીણસો ખરીદ કરે છે અને કહે છે કે જ્યારે માંગશે ત્યારે પાછા ભરી દેશું. તેમ કરવુંબી ખોટુ છે, કારણ કે જે કાંઇ પોતાનું નહિ તે ધણીની મરજી પુછયા વગર તેઓએ વાપરયું; પણ વારંવાર એવું બને છે કે તે પૈસા પાછા મુકવાની તેમનામાં શક્તિ હોતી નથી, એટલે તેઓ પોતાના ધણીને છેતરે છે, અને એમાં જો કે તેઓ થોડાક ફાવે છે તો પણ છેવટે તેઓ પકડાઇ આવે છે તથા શિક્ષા પામે છે. એક કહેતી છે કે "પ્રમાણીકપણુ એ ઉત્તમ રીત છે."

પ્રમાણીક માણસ છેવટે ઘણોજ સુખી નીવડે છે.

જે માણસનો પૈસા સંબંધી વિશ્વાસ કરી શકાય તે પ્રમાણીક ગણાય છે.

અપ્રમાણીક શખશને ખરૂં સુખ કદી મલતું નથી,

તેનો જીવ પકડાઇ આવવાની ધાસ્તીમાં સદા રહે છે.

કોઈ માણસનુ લેહેણુ રાખશો ના,

કરજ કરશો ના. બજારમાંથી પસાર થતાં એક ડાહયો શખ્સ શું બોલ્યો કે, "આ દુન્યામાં ઘણીએક ચીજો છે કે જે મને જોઇતી નથી!" જો કોઇ ચીજ લેવાને તમો પાસ પૈસા હોય નહિ તો તે ખરીદશો ના. સર્વથી ડહાપણ ભરેલો અને સુખી રસ્તો આ છે--'જે કાંઇ તદન રાસ્ત અને વાજબી હોય તેજ કરવું.'

બોલવામાં સંભાળ જે—હાથીદાંતના બે મોટા દરવાજા સાથની એક નાની ગુફામાં એક ભયંકાર ઘણુંજ નાનું લાલ વેંહેંત્યું રહે છે. જે સઘળાં વેંહેંત્યાં આજ સુધીમાં થઇ ગયા છે, તેઓ કરતાં આ વેંહેત્યાંએ ઘણીજ મોટી મસ્તી તથા ઘણા મોટા સોહાર કરી મુકયાં છે. લોખંડનાં પીંજરાંમાં સિંહ અને વાઘોને બંધ કરી શકાય છે, પણ કોઇ પણ લુહારમાં તાકાટ નથી કે આ વેંહેત્યાંને પરહેજ કરી શકે. આટલું તો ખરૂં છે કે આ લાલ વેંહેત્યું પોતાની ગુફાની બહાર કદી નિકળતું નથી, તો પણ તે હજારો કાસદોને બહાર મોકલી શકે છે. કદી કદી તે અણીયાળા તીર ફેંકે છે, અને લોકોને જખમ કરે છે કે જે જખમ કોહે છે, પણ રૂઝાતા નથી.

કેમ વાંચનાર, આ વેહેંત્યાંને તેં ઓળખ્યો કે? તે જીભ છે. અણીવાલા તીર તે શું? કવડા શબ્દો. એ શબ્દોથી કેટલી ખરાબી થાય છે! ગુસ્સાના બોલોથી વારંવાર ઝગડા ઉત્પન થાય છે, જેનું છેવટ મારામારીમાં અથવા કોઇ કોઇ વેળા ખુનમાં આવે છે.

ગુસ્સાના બોલો કદી ઓચરવા નહિ.

તમને કોઇ ગાલ આપે તો પણ તમે નરમાસ વાપરજો. નરમ જવાબથી ગુસ્સો જતો રહે છે.

કોઇનું બુરૂં બોલવાથી દુર રહેજો.

જો કોઇના વિશે બુરૂં બોલવાનું તમારૂં મન થાય તો તમે મનમાં સવાલ કરજો કે—શું એ ખરૂં છે? શું તે રેહેમ ભરેલું કહેવાય? શું તે ડહાપણ ભરેલું છે? તેમાં સાર શો છે?

એક રાજા સાથ બેઆબરૂથી વાત કરો તો તેનું અપમાન થાય છે; તેજ પ્રમાણે ખોદાનું નામ બેદરકારીથી બોલતા ના.

ઈશ્વર પાદશાહોનો પાદશાહ છે.

તેનું નામ આબરૂ દરકારથી લેવાનું જોઇએ. તમારે તેમ કરવું જોઇએ; એટલુંજ નહિ પણ બીજાઓનેબી તેમ કરવા ચેતાવવું જોઇએ. કોઇ પણ જાતના સોગંદ લેશો ના.

સોગંદ લેવા ખોટા છે.

ખરાબ સખુન બોલવા એ મોટું પાપ છે. મોટાં થાય તે આગમચ નાનાં બાળકો તેનો અર્થ સમજે છે. મોઢામાં એવા ગાળગીલોચીના બોલો રાખવા નહી. શું તમને ખરાબ ચીખળ તમારાં મોઢાંમાં રાખવા ગમશે ? ના કદી નહિ. ત્યારે ખરાબ બોલોની ગળીચી કઇ રીતે રાખી શકો ? વાસ્તે, તમારાં મોમાંથી કદી પણ

ખરાબ સખુન કાઢશો ના.

એક વેળા જે કાંઈ બોલાયું તે પાછું ખેંચી લઇ શકાતું નથી. પાટી ઉપર લખાયલા શબ્દો માફક તે ભુશી નાખી શકાતું નથી.

મદ્યમપણું અને પાકીઝગી—માણસો વારંવાર પોતાની કસુરને લીધે હલાકી ભોગવે છે. તેના કારણો ઘણાં છે, જે માહેલુ એક ઘણું સાધારણ આ છે કે તેઓ ખાવામાં અંદાજાસર રહેતાં નથી અથવા ઘટતો ખોરાક લેતાં નથી. કાચું અથવા ઘણુંજ પાકી ગયલું ફળ અવગુણકારક છે. ઘણું મિઠાસ ખાધાથી આપણું શરીર નબળું અને ફોફસા જેવું થાય છે. સાદો ખોરાક સર્વથી સારો છે.

જેમ એક પુરૂષને સારા નરસા ગુણ હોય છે તેમ પ્રજાને પણ હોય છે. છાકટપણું ઉત્તર યુરોપના લોકોમાં નાશકારક બદી છે. બીજાઓમાં જે સારા ગુણ હોય તેની

આપણે નકલ કરવી જોઇએ; પણ માઠા ગુણ દુર કરવા. હિંદુ લોકો આગળ મિતાહાર યાને ખાવાપીવામાં અંદાજો રાખતા; પણ હાલમાં તેઓમાં કેટલાકો જલ્લદ દારૂનો ઉપયોગ કરે છે. એ કારણસર તેઓ માંહેલા ઘણાક ઉંચી કેળવણી લીધેલા પુરૂષો પણ ખુવાર થઇ માર્ગ લાગા છે. યુનાની લોકોમાં એક કહેતી હતી કે 'પાણી સર્વથી ઉત્તમ છે.'

મુંબઇમાં 'તેમ્પરન્સ એસોસીએસન' નામની મંડળી છે જેના ઘણાક અંગ્રેજ તથા પારસીઓ સભાસદ છે. તેઓ દારૂ નહિ પીવાની કબુલાત આપે છે. તેમનો દાખલો પકડો એટલે તમને તથા લાગતાંવલગતાંને ફાયદો થયલો તમે જોશો.

તારૂં દિલ સાફ રાખજે.

અસ્વચ્છ વિચાર ઉત્પન્ન કરે એવી પ્રત્યેક ચીજથી દુર રેહેજે. ખરાબ ચોપડી કદી ઉઘાડતો ના. વિશેષ કરીને

ખરાબ સંગતથી દુર રેહેજે.

પાપી મજાહ થોડીવારની હોય છે.

ખરાબ લખ લાગાથી પાપ કરયામાં આવે છે.

પાપ તમામ થયું એટલે બુરૂં મોત નીપજે છે.

ભલાઈ અને સારી રીતભાત—કેટલાક લોક એવાં હોય છે કે જેમને જોતાંજ આપણે ખુશી થઇએ છિયે, જ્યારે બીજાં એવાં હોય છે કે જેમને જોતાંજ આપણે દલગીર થઈએ છીયે. પેહેલા ભલા અને સભ્ય લોક કહેવાય છે, અને બીજા વડાઈખોર અને બેઅદબ હોય છે.

મેવાથી ભરેલી ડાળી નીચી ઝુલાય છે તેમ ખરે-ખરો શિખેલો આદમી નમે છે. જેમ વધારે અજ્ઞાન તેમ માણુસ વધારે મગરૂબ હોય છે; પણ જેમ વધારે જ્ઞાન તેમ માણુસ વધારે સભ્યતા યાને ભલમણુસાઇવાલો બને છે. જે જ્ઞાન આપણે ધરાવતા હોઇએ તે માટે મ-ગરૂબ થવું જેટલું મૂર્ખાઈ ભરેલું છે તેના કરતાં જે કાંઇ આપણામાં ખામી હોય તે માટે ફિસીયારી કરવી વધારે મૂર્ખાઈ ભરેલું છે. કોઈ છોકરાનાં કપડાં તેના સોબતી કરતાં વધારે સારાં હોય, અથવા તે તેનાં ઘર કરતાં વધારે મોટાં ઘરમાં રહેતો હોય; તો શું તે એમ કહેશે કે તે સારાં લૂગડાં અથવા મોટું ઘર તેણે પોતે મેળવ્યાં છે? યા શું તે એમ બોલશે કે તેના બાપને તેણે મેળવી આપ્યું?

કેટલાકો વળી પોતાની જાત માટે મગરૂબ થાય છે, અને બોલે છે કે તેઓ ઉંચી જાતના છે અને બીજાઓ હલકી જાતના છે. આમ વડાઇ લેતાં તેઓ ભુલી જાય છે કે આપણ સર્વ માણુસ એકજ આકાશી પિતાનાં બના-વેલાં છે. પોતાના ભાઇબંધોને પોતાને તાબેદાર રાખ-

વાની હલકી મતલબ ખાતર પાપી માણસોએ ઇનસાનને જાતમાં વેંહેંચવાના ઢોંગ શોધયા છે.

સભ્યતા આપણી વર્ત્તણુક ઉપરથી જણાઇ આવશે. માબાપો, શિક્ષકો, વડીલ તથા આપણા કરતાં કોઇ પણ રીતે ચઢતા પુરૂષોને માન ઘટે છે. કમીના નફર સાથ પણ મમતાથી ચાલવું જોઈએ. હોરમજ દોરાબ જેમના નામથી મુંબઇના હાલ તોડી પાડેલા કોટની એક ભાગળ ઓળખાતી હતી તથા જેમનાં ઘરો હાલ કોટમાં સર કાવસજી જેહાંગીરના ઘર આગળથી તે છેક વાતસનની આગળી દુકાણો સુધી ઉભેલાં દીશે છે તેઓ તથા સર જમશેદજી જેવા મ્હાન પુરૂષો 'જી, શું જી, હા સાહેબ, ના સાહેબ' જેવા સભ્યતાના શબ્દો મોઢામાં રાખતા હતા. વેલીંગતન અમીર જેવા એક નામાંકિત પુરૂષને તેનો ચાકર 'ચાહ લાવું' કરી પુછવા આવતો ત્યારે તે કહેતો કે 'જેમ તમારી મરજી.' પણ આજના કેટલાક છોકરાઓ તો પોતાના ચાકરોને કુતરાની માફક ગણે છે. એ ચાલ ઘણી ધિક્કારવા જોગ છે.

સબાળાઓ સાથ સલુકાઇથી ચાલજો.

તેમાં તમને તથા બીજાઓને શોભા છે. આપણને પરમેશ્વરે શા માટે પેદા કરયાં છે ? એટલાજ માટે કે

ભલા થવું અને ભલું કરવું.

તમારી આસપાસના સઘળા લોકો રાજી રહે તેમ કરજો. તમારી ખુશકારક તાબેદારીથી તથા તમારા ઘડા ઉપર ધ્યાન આપ્યાથી તથા સારી વર્ત્તણુકથી તમારાં માબાપનાં જીગર તમે ખુશીથી ભરી નાખશો. તમારાં ભાઇ બેહેન ઉપર મયા રાખજો. તમારા નિશાળના સોબતીઓ તથા દોસ્તોનું ભલું ઇચ્છજો. તેમના સાથ ખુશ તબેહુથી વર્તજો. તેમના ઉપર હેત રાખજો. નાનાઓને સહાય થજો. કજીઓ ઉત્પન્ન થાય તો સહ્લાહ કરાવજો.

દરેક રૂડાં કામને ઉ-તેજન આપજો.

અને બુરાં કામનો અટકાવ કરજો. ગરીબ અને દુખીઓ તરફ વિશેષ મયા રાખજો. તેમનાં સંકટ તથા જંજાલ વખતે તેમને દિલાસો આપજો. હલકાં પ્રાણીઓને દુખ દેવામાં ગમત સમજતા ના. માખી જેવા નાના જીવડાને ઇજા કરતા ના, કારણ કે જે ખોદાએ તમને પેદા કીધા છે તેનેજ તે જીવડાને પણ પેદા કરયો છે.

ભલું કરવાનો સર્વથી સારો રસ્તો આ છે કે તે મોહોડેથી બોલીને નહિ, પણ કરીને દેખાડવું. બોલવાના કરતાં કરવું ઘણુંજ સારૂં છે. ખોદાની મદદથી જેમ બને તેમ ભલા થજો.

લોકોને ફાયદો કરી આપવાનો એક રસ્તો આ છે કે તેમને માટે દુવા માંગવી. સઘળા માણસોને પરમે-

શ્વર સુખ આપે એવી દરરોજ તે સાહેબની બંદગી કરતા રહેજો. તમારી એવી ઇચ્છા હોય કે દરેક જન તમને ચાહે તો

તમે દરેકને ચાહજો.

મયાના શબ્દોનો પડઘા યાને પાછો અવાજ મયા ભરેલોજ થાય છે. તમે પોતે જો સુખ જોવા માંગતા હોવ તો બીજાઓને સુખી કરવાની કોશેસ કરજો. દુખી થવાની જો તમારી મરજી હોયતોજ એકલપેટાની માફક તમારાજ વિશે વિચાર કરજો.

માબાપ તરફની ફરજ—ખોદા તરફની આપણી પેહેલી ફરજ પછી માબાપ તરફની આપણી ફરજ ઉપર ધ્યાન આપવું.

તારાં માબાપને માન આપજે.

એવો હુકમ ઇનસાનને પેહેલો મલેલો છે. તમે તમારાં માબાપનાં કેટલાં આભારી છો તેનો વિચાર કરો. એક વેળા તમો નાનાં બાળક હતાં અને તમારા પોતાના માટે કાંઇ પણ કરી શકતાં ન હતાં, તે વેળાએ તમારી માએ તમને મયાથી ઉછેરયાં, હાલેડાં ગાઈ સુવાડયાં, અને તમારી સંભાળ લીધી. તમે માદાં પડતાં એટલે તમારી તપાસ કરવાને તેણી આખી આખી રાત જાગતી હતી. તમારા બાપ પોષણ અને વસ્ત્ર સારૂ કઠણ મેહેનત કરે

છે; તે તમને નિશાળે મોકલે છે અને જે કાંઇ તમને જોઇએ છે તે સર્વ તે તમને આપે છે. તે બંધે તરફ તમારે નિમકહલાલ બનવું જોઈએ.

તમારાં માબાપની આજ્ઞા યાને હુકુમ માનજો—તેઓ જે કાંઇ ફરમાવે તે તરત કરજો, કે જેથી તેમને બીજી વેળા કહેવાની ફરજ નહી પડે. તેમના હુકુમ પ્રમાણે કરવાને આનાકાની કરતા ના, પણ તે ઉલટથી બજાવજો.

કેટલાંક છોકરાં શિક્ષાની ધાસ્તીને લીધે પોતાના બાપનાં ફરમાનો બજાવે છે. તેઓ પોતાની માની કાંઇ દરકાર રાખતાં નથી. તાબેદારી બંધેની કરવી ઘટે છે. માબાપ આપણી આગળ હોય કે ન હોય, પણ તેમનાં ફરમાન એક સરખી રીતે બજાવવાં જોઇએ. નાનાં બાળકો દિવાની જોત પકડવાને અથવા ધારદાર છરી સાથ રમવાને ઇચ્છે છે. છોકરાઓ જ્યારે મોટા થાય ત્યારે બીજી એવી ચીજો કરવા માંગે કે જે તેમને નુકસાનકારક થાય; પણ તેમનાં માબાપો તેમનાં ભલાં વાસ્તે તેમને તેમ કરતાં અટકાવે છે.

તમારાં માબાપને માન આપજો.

તેમના સાથ આબરૂ દરકારથી વર્તજો તથા વાત કરજો. જો તેઓ તમારી ખામીઓ દેખાડે તો તે માટે ગુસ્સે થવાને બદલે ખુશી થઈ તે સર્વ સુધારવાની તજ-

વીજ કરજો. કેટલીક વાર એક બાપ અભણેલ છતાં પોતાનાં બચ્ચાંને કેળવણી આપવા પાછળ ઘણી મેહેનત લીએ છે. એવી હાલતમાં તેઓ ધિક્કારને બદલે વધારે આબરૂ પામે છે.

માબાપ ઉપર હેત રાખજો.

સારી વર્તણુક ઉપરથી આ જણાઇ આવે છે. ડાહયા છોકરાઓ પોતાનાં માબાપને સુખી કરે છે; પણ મૂર્ખ છોકરાઓથી તેઓ અત્યંત દુખી થાય છે. તમારાં માબાપને સુખ આપવાથી તમે પોતે સુખી થશો. તમારા દાખલાથી બીજાઓને બોદ્ધ મળશે અને આપણો આકાશી પિતા ખુશી થશે. બચ્ચાંઓ સલાહ સંપજ અને હેતથી રહે છે તથા એકમેકને સુખી કરવાની કોશેસ કરે છે તો તેમનું ઘર કેવું ખુશકારક લાગે છે! પણ અફસોસ કે વારંવાર તેથી ઉલટું બને છે. કેટલીક વેળા ભાઇ બેહેનો નજીવાં કારણસર કજીયા કરે છે. તેઓ એકમેકને ચિડવે છે, અને જો તેઓ કોઇની કાંઇ એબ જુવે છે તો તે કહી દેવાને તેઓ ખુશી થાય છે.

દરેક ગુસ્સાનો બોલ દાબી દેજો.

જો તમારો ભાઇ તમારૂં કાંઇ ખોટું કરે તો તે માટે તમે તેને કાંઇ ઇજા કરતા ના; પણ તેનો અવેજ મેહેરબાનીથી વાળજો; જેથી તે પોતાની ચાલ માટે જરૂર દિલગીર થવાનો.

એકલપેટા થશોના.

તમારા પાસ કાંઈ હોય તો તે તમારાં ભાઇ બેહેન સાથ વેહેંચી લેજો. દરેક રીતે તેમને ફાયદો થાય એવું કરજો. તેઓ કાંઇ ખરાબ શબ્દો બોચરે યા કાંઈ ખોટું કરે તો તેમને મયાથી વારજો. તમારી બેહેનો લગાર મોટી થાય કે તેમને નિશાળે ભણવા લઇ જજો યા તમે પોતે તેમને વાંચતાં લખતાં શિખવજો. દરરોજ ઓછામાં ઓછો એક પાઠ ભણાવજો. સંપથી રહેવામાં કેટલો ફાયદો છે તે માટે નીચલી વાત ધ્યાનમાં રાખજો.

એક વેળા એક ડોસો મરવા સુતો ત્યારે તેણે પોતાના દીકરાઓને પોતાની હજુરમાં બોલાવ્યા. તેણે તેમને ફરમાવ્યું કે એક લાકડાંની જુડી લઇ આવો. છોકરાઓ તો હુકમ સાંભળી અજબ થયા; પણ જુડી લાવવામાં આવી એટલે ડોસે દરેક છોકરાને તે આખી જુડી ભાંગવા કહ્યું. કોઇથી તે ભંગાઈ નહિ. ડોસે ત્યાર પછી તે જુડી છોડવાને અને દરેક કાઠી અકેક પછી ભાંગવાને હુકમ કીધો; જેમ કરતાં સઘળી લાકડી તરત ભાંગી નાંખવામાં આવી. બાપે આ ઉપરથી છોકરાઓને સમજાવ્યું કે જ્યાં સુધી કાઠીઓ એકઠી હતી ત્યાં સુધી તેમને ભાંગવાને તમારૂં કાંઇ ચાલ્યું નહિ; પણ દરેક કાઠી છુટી પડી એટલે તે તરત તમોએ ભાંગી નાખી; એ ઉપરથી તમારે સમજવું કે જ્યાં સુધી તમો એકમેક સાથ સંપીને ભેગા રહેશો ત્યાં સુધી કોઇના

તાકાટ નથી કે તમને હરકત કરી શકે; પણ એક વાર તમારામાં કુસંપ ચાલ્યો એટલે તમારા દુશમનો તમારા ઉપર ફાવી જવાના.

એ ઉપરથી સમજવું કે આખા જન્મારા સુધી

ભાઈ બેહેનોએ સંપીને રહેવું,

તથા એકમેકને ચાહાવું અને સહાય થવું. એમ કીધાથી તેઓ પોતાનાં સુખમાં વધારો કરશે.

ખોદા તરફની તારી ફરજ

એ છે જે તે સાહેબને તારાં સઘળાં ધ્યાનથી, તારાં અંતકરણથી અને તારા જીવથી ચાહતો રેહેજે, એટલે કે તારાથી બને તેમ

ખોદા તરફ હેત દોડાવજે,

અને ધ્યાનમાં રાખજે કે એ આપણી મોટી અને પેહેલી ફરજ છે.

ખોદાએ આપણને જીવતર આપ્યુ,

તેના વગર એક પળ આપણે જીવી શકશું નહિ.

તારી છાતીની ડાબી બાજુ ઉપર તારો હાથ મુક

એટલે તને તારૂ અંતઃકરણ ઢબકારા કરતું જણાશે. તે દહાડો અને રાત તેમ કરતું રહે છે. જો તે અટકે તો તું મરણ પામે. તે ઢબકારા કોણના હુકમથી થાય છે? તે સર્વ શક્તિવાન સાહેબના હુકમથી. જે દરેક ચીજ આપણી પાસે છે, તે તેના તરફથીજ આપણને મળે છે.

આપણે એકજ ખોદાને માન્યે છીએ. તે આપણો ખરો પાદશાહ છે. તે આપણને ફરમાવે છે કે

આપણે ભલા, અદલ અને નેક થવું.

પોતાના ઉપર આધાર રાખવાની ટેવ પાડવી. જ્યારે બે ત્રણ છોકરા સાથે અભ્યાસ કરે છે ત્યારે આલસુઓ પંડે અભ્યાસ કરવાને બદલે મહેનતુ છોકરાઓ ઉપર આધાર રાખે છે.

સાંજનો કાંઇક વખત પોતાના ભાઇ બેહેન સાથ બેસી વાતચીત કરવાને માટે લાયક છે. દહાડાની વેળાએ જે કાંઇ આપણે કરયું હોય તે ઉપર રાત્રે વિચાર કરવો જોઇએ કે જેથી આપણે ભવિષમાં સુધરીએ. એ રીત ઉત્તમ છે. રાતે બિછાણે ગયા પેહેલાં આ મુજબ પરવરદેગારની બંદગી કરજો કે,

'રે આકાશી પિતા, હું સુવા જાવું તે
પેહેલાં આજના આખા દહાડામાં તુંએ
જે અનેક મેહેરબાની મારા ઉપર કરી

છે તે માટે હું અંતઃકરણથી તારો ઉપ-
કાર માનું છું. મને આજે નિશાળે ભ-
ણવા જવાની તક આપી તે માટે પણ
હું તારો આભાર માનું છું; અને હું
માગી લઉં છું કે આજે જે કાંઇ હું
ભણ્યો છું તે યાદ રાખવામાં મને સહાય
થજે. વળી આજ રોજે હું કાંઇ ખુરૂં
બોલ્યો હોઉ, તથા મેં ખુરૂં વિચાર્યું
હોય, તથા ખુરૂં કીધું હોય તો તે તું
માફ કર; કારણ, મારાં પાપ માટે હું
પસ્તાવો કરૂં છું. એક પાક જીગર મને
તું બક્ષ. મને દયાળુ, નેક, તથા ભલો
કર. હું અજ્ઞાન છું માટે મને તારાં નેક
ફરમાનોની સમજ પાડ, તથા તારા ગેબી

ફીરસતાઓને મારા રાહબર કર.
કે તેઓ મને સચ્ચાઇનો રસ્તો દેખાડે. હું

નીતિનો મારગ અખ્તીયાર કરૂં
નેક બોલવું, નેક કરવું,
નેક વિચારવું,

એ પાક કલાંમો ઉપર મારૂં ધ્યાન
રાખું. એ ખોદાઇ કલામો તારા સાચા
પેગમબર હઝરત ઝરથોસ્ત સાહેબ મા-

રફતે તુંએ અમને પોંહોંચાડયા છે વાસ્તે તેમને હું ઓસ્તવારીથી મારી છાતી ઉપર કોતરી રાખું. આજના દહાડામાં, રે ખોદા, તુંએ મારી સંભાળ લીધી એટલુંજ નહિ પણ મારાં ગુજરાણ માટે મને ખાવા પીવાનું તથા કપડાં પુરાં પાડયાં. એ રવેશની મહેરબાની તું મહે-રબાને મારા ઉપર ન કરી હોત તો મારી માઠી અવસ્થા થાત. અને હવે

નમુંચ તુંને રે ગેબીઓમાં
ગેબી ખોદા.

હું એક ખોદા પરસ્ત છું

વાસ્તે મારી દુવા બંદગી કબુલ કર અને આજ રાતના દરમીઆનમાં મને તારી પનાહમાં લે.

આમીન, આમીન, આમીન.

સાચને ના લાગે આંચ,
પાપ છે હૈડે ચાલુ સંતાપ.

એક સારી આબરૂનો અને દોલતમંદ ઝવેરી એક ગામથી બીજે ગામ જવાહીર વેચવા નીકળ્યો. તેણે પોતાની સાથે પુષ્કળ ઝવેરાત અને કેટલુંક રોકડ નાણું લીધું; જેની સંભાળ માટે પોતાની સાથે પોતાના એક નોકરને લીધો જે આ કિમ્મતી માલ તથા રોકડ વિશે જાણતો હતો. થોડીક મંજલ કાપ્યા પછી રસ્તામાં રાત પડી, તેથી તેણે એક નદી કિનારે મુકામ કીધો અને મુસાફરીની થાકથી ભર ઉંઘમાં પડ્યો. પેલા નોકરે પેલી દોલતનાં ચળકાટથી અંજાઇ જઇ પોતાની દાનત બગાડી. તેણે પોતાના સેઠને તેની ઉંઘતી હાલતમાંજ ઠાર કરી તેનાં ગળાંમાં મોટો પથ્થર બાંધી તેને નદીમાં ઝોંહોકાવી દીધો. આ પ્રમાણે તે હરામની મેળવેલી દોલતનો ધણી થઇ તે દુરના બીજા દેશમાં નીકળી ચાલ્યો. તે પ્રથમ ત્યાં ઘણી ગરીબી હાલતમાં રહ્યો અને પછી રફતે રફતે થોડો વેપાર કરવા તથા પુર દમામથી રેહેવા લાગ્યો, જેથી લોકોનાં મનમાં એવું ઉતરયું કે તે પોતાનાં ઉદ્યોગે અને મેહેનતે તવંગર થયો હશે. તે એક મોટા માતબર વેપારીમાં ખપવા લાગ્યો અને એક મોટાં ખાનદાનની છોકરી સાથ પરણ્યો. કીસમતની યારીએ ધંધામાં તે સારો નફો મેળવતો ગયો

અને સરકાર દરબારમાં પણ સારો વગ વસીલો ધરાવવા લાગ્યો. રફતે રફતે તેને નાની નાની પદ્વીઓ મલતી ગઈ, અને અંતે તેને થોડા વખતમાં ત્યાંના ફોજદારની જગા મળી જે ઓદ્ધો તેણે ઘણાં પ્રમાણીકપણાંથી ચલાવ્યો, જેથી તેને તેજ શેહેરના એક વડા ન્યાયધીશની જગા મળી. એક દહાડે તે અને બીજા તેના હાથ નીચેના બે ન્યાયધીશો સાથે મળી એક ખુનીની તપાસ ચલાવતા હતા. તે ખુનીએ પોતાના શેઠનું ખુન કીધું હતું અને તેના પુરતા શાક્ષી પુરાવા મળી આવ્યાથી તે અપરાધી ઠરયો અને છેવટના ચુકાદાને માટે સઘળાઓ વડા ન્યાયધીશ તરફ જોવા લાગ્યા. તે ન્યાયધીશ કેટલોક વાર વિચાર કરતો બેઠો અને ઘભરાયલા જેવો દેખાવા લાગ્યો; તથા તેનાં મોઢાં ઉપરનો રંગ ઝર્દ મારી ગયો. તે પોતાની બેઠક ઉપરથી નીચે ઉતરી પેલા ગુનેહુગાર આ-ગળ આવી તેની પાસે પીંજરામાં ઉભો રહયો. તેનાં આવાં કામથી આખી દરબાર અચરતીમાં ગર્ક થઇ ગઇ. તે પેલા ન્યાયધીશો તરફ મોહું કરી બોલ્યો, "પરમેશ્વરનો વાજબી ઈનસાફ જોવો હોય તો મારા દાખલા ઉપરથી તમો જુઓ કે તમારી સાંમે જે ખુની ઉભો છે, તેના જેવોજ ખુની હું છું; બલકે તેથી વધારે જબુન ખુણ મેં કરેલું છે; કારણ કે મારા શેઠનો મારા ઉપર પુર વિશ્વાશ હતો, અને તે વિશ્વાશનો બદલો મેં કેવી રીતે વાળ્યો જે હમણા તમને જણાશે. ત્રીશ વરસ સુધી મેં મારૂં પાપી કર્મ છુપું રાખ્યું; પણ હંમેશના ચાલુ

દંખથી હું બેજાર બેજાર થતો હતો અને આટલા બધાં સુખ સાથે મને દીવસની ભુખ અને રાતની ઉંઘ હરામ હતી. આજનો આ બનાવ કે જે મારી હકીકતને તદન મળતો છે, તે બનાવથી મારૂં હૈડું વળી મને પાછું ડંખવા લાગું અને હું પોતે કોણ છું તે તદન ભૂળી ગયો અને મારાં આખાં બદનમાં ધુજરી થવા લાગી તેથી હંમેશનું એવું દુખ અને પાપી હૈડાંનો ઝેરી દંખ ખમવાનાં કરતાં મારી પાપી જીંદગીનો છેડો લાવવાને હું ઘણો રાજી છું. માટે કાયદાની રૂહે મારો ઈનસાફ કરો અને ઘટતી સજા ફરમાવો." એ પ્રમાણે તેણે સઘળી ખરેખરી બીના જાહેર કીધી અને તેના પોતાનાજ એકરાર ઉપરથી ન્યાયધીશોએ તેને તકસીરવાર ઠરાવ્યો અને તેને મોતની સજા કીધી.

પાપી હઇડું દંખે છે સદા,
ગર તે હોય અમીર કે ગદા.
હઇડે થાય છે ઉંડો જખમ,
જેપર ન લાગે કોઈ પણ મલમ.

સંસારી ઝવેર.

ઉઓત્સ કવિની નશીહત.

"ખોટી મોટાઈ" એ મથાળાં હેઠળની કવિતામાં ઉઓત્સ કહે છે કે "અગર હું એટલો ઉંચો હોઉં કે હવને પોંહોંચું અથવા મારી બિલ્લસ વડે મહાસાગરને પકડું તોપણ મારા જીવથી મારૂં માપ થવું જોઇએ કારણ

ઇનસાનનું માપ તેનાં મનથી થાય છે.

સઘળા સમય ઉપર અને સઘળી બાબદમાં

થંડો, સ્થીર અને દ્રઢ મનનો

થવાની કોશેશ કરજે; કારણ, તેમાં ફાયદા અગણીત સમાયલા રહે છે.

જુવાન્યાઓને કાંઈ પણ કામમાં રોકાવું એ જરૂરનું છે. એક કામકાજ ગમે એવું હલકા પ્રકારનું હોય; પણ તે જોવામાંથી રોકાયલા રહેવું સારૂં છે; કારણ, જેઓ કાંઇ પણ કામ કરતા નથી તેઓ જલદીથી બદીમાં ગીરફતાર થાય છે. કેહવત છે કે–આળશ એ દળીદ્ર અને ખરાબીનું મૂળ છે.

ભેજાંને કશવું શા માટે જોઇએ.

ભેજાંને જો વગર કસરતે આળસુ પડી રહેવા દીધું હોય તો તેનાં ખેતરમાં વિચારનો પાક ઘણોજ કંગાળ ઉતરે; પરવરદેગારે આપણા તમામ અવયવો એવી સરસ રીતે રચેલા છે કે કામ કરતી વખતેજ દરેકને પોતાનો ખોરાક પૂરો પડે છે. જ્યારે મન બીન કસાયલું પડી રહે છે ત્યારે તે નબલું થઇ તદન બિમાર હાલતે પુગે છે, માટે મનને કસાયલું રાખવામાં મોટો ફાયદો છે. કામમાં રોકાયલા રહેવાને, તેમજ કસરતને, "કુદરતનો તબીબ" કરી કહે છે; કારણ તેનાથી નિપજતાં સુખ અને ફાયદા ગણાઇ શકાય એમ નથી. તેજ પ્રમાણે આળસાઇને કંગાળ્યતપણાની માવતર કહે છે.

સર વોલ્તર સ્કાત લખે છે કે:—વિદ્યાર્થીને રોજ અભ્યાસ અને રમતના પૂરતા અવકાશ તથા તેહેવારની છુટી સમાન જરૂરીયાત બીજું કાંઇ નથી.

દાકતર જોહનસન મૂર્ખ લોકો વિશે હદ ઉપરાંત બોલતો હતો. કહે છે કે એક સ્ત્રી પોતાની એક ઓળખીતી મરણ પામેલી ભળી પણ બેવકુફ સ્ત્રી વિશે વાત કરતાં બોલી કે 'આપણે તે નેક નારને બેહેસ્તમાં મળીશું' જ્યારે ઉશ્કેરાયલો દાકતર ચિરડાઇને બોલ્યો, 'બાઈ, તમે મળો તો કોણ જાણે પણ હું તો બેવકુફ પુરૂષોને કેઠે મળવા માંગનાર નથી.'

તનદરોસ્તી.

કામકાજ એ તનદરોસ્તીની જાલવણી છે

જેઓ આળસુ બને છે, તથા ફકત પોતાનાં બદનની જતનની કાળજી કરતા રહે છે, યા ફકત તન્દરોસ્તી ઉપર પોતાનો વિચાર ચલાવે છે તેઓ જલદી મરણ પામે છે. નબલી અને નાજુક કાઠીના ઘણાક માણસો જેવા પણ મહેનતુ કામધંધામાં મશગુળ રહ્યાથી મંદવાડ શો તે સમજતા નથી. પોલાદ ઉપર કાત ચઢવાથી તે સડી જાય છે તેમજ કામ વગરની જીંદગી દેહને દુખી કરે છે.

જે પોતાની જુવાનીમાં પ્રમાણીક, સદગુણી, અને આળસુઓની સંગતથી દુર રહ્યો, તેણે ઘડપણમાં પસ્તાવો કરયો નથી.

સારો સ્વભાવ એ ખાલેસ મન અને મોટાં અને ઉદાર દિલની નિશાણુ છે.

ધિક્કાર, ગુસ્સો અથવા કપટ દિલમાં ઝાઝો વખત રાખવો નહી.

એવી હાલતમાં અંતઃકરણને ઘણી મેહેનત ખમવી પડે છે, ભુખ જતી રહે છે; મગજ ગુચવાઇ જાય છે, અને આખી દેહ લડડી પડે છે.

અદેખાઇ માણસની દેહને કોલી ખાય છે?

અદેખાઇ કરતી વખતે ચેહેરાપર જે કરચલી ચહડે છે તેજ ઘડપણની નીશાણી છે. અદેખા કદી ખુશી કે આનંદી રહેતા નથી, અને તેઓને માટે લાંબી જીંદગીની આશા બહુજ થોડી છે.

અનીતીવાન જીંદગી શરીરનાં સઘળા અવયવોને ઢીલા કરી જીંદગીની દોરી ટુંકી કરે છે, તરેહવાર રોગો ઉત્પન્ન કરે છે અને ચાલુ તથા આવતી ઓલાદ સુધીની ખરાબી કરે છે.

છાકટપણું અને ખાવાપીવાની બીજી સઘળી બાબદનું બેઅંદાજાપણું જીંદગીનો દુશમન છે. ઘણાખરા સઘળા રોગોની ઉત્પંતી બેઅંદાજપણાંથી થાય છે, અને એ બદી એવી આગુદીઠ છે કે તેમાં ફસેલો માણસ ઘણી વાર પોતાની હાલત જાણતો વટીક નથી.

કશાંનો હદ ઉપરાંત શોખ રાખવો નહિ; કશાંનો હદ ઉપરાંત ધિક્કાર કરવો નહિ; કશાંની હદ ઉપરાંત ધાસ્તી કરવી નહિ.

એજ વટે.

હંમેશ સાચું બોલજે, કારણ તે બોલવું તને જુઠાં કરતાં વધારે સેહેલું લાગશે.

દેખાવ ધારણ કરતો ના.

રોબ કરતો ના.

કોઈ ઉતરતા આદમી સાથ ગેર સલુકાઈથી ચાલતો ના.

જે કોઈ નીચ રીતે કાંઇ પણ કામ કરે તે શખસ નીચપણાં કરતાં વધારે નીચ છે.

બીજાની જીંદગીના ભોગે તારો જીવ તું ઉગાડતો ના.

જે કોઇ ઘાટકી કામમાં ઉકમાઇ લીએ છે તે પોતાના ધરમને ઠોકર મારે છે.

કોઇની મશ્કરી કરતો ના.

કોઇ પય લાચારને ઇજા કરતો ના.

તેનો તું બચાવ કરતો રહેજે.

ગરીબી હાલતમાંથી તાલેવંત થયા પછી મગરૂબી અખ્તીયાર કરતો ના.

ખોદાઇ માર્ગ પકડવાની તાલીમ મેળવજે.

મીઠો બોલ એક નાનો જેવો ઉપકાર છે.

બુરૂં નહિ બોલવાનો ઇલાજ ચુપકીદી છે કે જેમાં સઘળી કાસલ પટે.

ગરીબ રહેજે પણ સચ્ચાઈને છોડતો ના.

બીજાઓના ખરાબ ગુણ જે તને નાપસંદ લાગે તે જોઇ તું સંભાળ રાખજે.

જે કરવું ઘટે તેજ કરવાનો નિશ્ચય કરજે, અને જે નિશ્ચય કરે તેજ કરજે.

The Bomday Gazette.

November 25th, 1881.

A most useful and concise little catechism of the History of India by **Mr. Jeejeebhoy Khursedjee Kapadia**, Head Master of the Alfred High School, has been handed to us. There are two successful modes of conveying to the youthful mind information of anotherwise uninteresting and unattractive nature, the conversational and the catechetical. The hand-book to which we refer, as its name implies gives the information in the latter form. The History of India is divided into 38 chapters, and in these are to be found a most complete history of the Eastern Empire from its invasion by Darius Hystaspes in 508 B. C. to the signing of the Treaty of Gandamak on the 26th of May 1879. The hand-book richly deserves to have a large sale and ought to be in the hands of all who are wishful to be put in possession of all the leading facts in the History of India. Alreay it has reached its third edition and when we mention the fact that all the information there-in contained—which speaks to

a great amount of labour and researches on the part of the compiler—can be had for the modest sum of 6 annas, we think nothing is necessary to insure its **adoption in all the Anglo-Vernacular Schools in India.**

Times of India.

May 4th, 1885.

...Mr. Jeejeebhoy K. Kapadia is the editor of the preiodical, and he appears to have treated the various subjects in a manner that is best suited to the taste of native readers for whom it is intended...
